| | |
|---|---|
| આંક | ૧૧ |
| દાખલ થયા તા. | ૦૭/૧૦/૨૦૨૩ |
| રજુ કર્યા તા. | ૦૭/૧૦/૨૦૨૩ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૦૬/૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૨ વર્ષ, ૦૮ માસ, ૦૩ દિવસ |

**૫ માં એડીશ્નશ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૧૦૫૯૧૧/૨૦૨૩**

**ફરીયાદી :-**

**૧.** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

**આરોપી :-**

**૧.** દિનેશભાઇ દશરથભાઇ દંતાણી, ઉ.વ.૩૮,
રહે. નીલગીરીના કાચા છાપરા, દશામાના મંદીર પાસે,
ચંડોળા પાળ, ઇસનપુર, અમદાવાદ.

**૨.** પ્રતાપભાઇ ચમનભાઇ દંતાણી, ઉ.વ.૩૪,
રહે. ગણેશનગર કાચા છાપરામાં, દશામાના મંદીરની સામે,
ચંડોળા પાળ, ઇસનપુર, અમદાવાદ.

**ગુન્હો:- ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઇ), ૮૧ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી આઇ. એ. શેખ**

**-//જજમેન્ટ//-**

(૧) આ કામના આરોપીઓએ તા.૨૩.૦૮.૨૦૨૩ ના કલાક ૨૧:૩૦ વાગ્યે ઇસનપુર રામગલીના છાપરા આરોપીઓના ઘરમાં આરોપીઓ પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૨૭ લીટર કિંમત રૂા.૫૪૦/- નો રાખી વેચતા રેઇડ દરમ્યાન

દારૂના જથ્થા સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પ્રોહી ગુના રજી. નં. પાર્ટ સી–૧૧૧૯૧૦૨૨૨૩૧૧૧૧/૨૦૨૩ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્દામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લઇ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧ ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ આંક-૦૫ અને ૦૬ અન્વયે થી રેકર્ડ પર લેવામાં આવેલ છે અને તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩.) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**–: ફરીયાદપક્ષે મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૭ | પંચસાહેદ દીપકભાઇ મરૂજી ઠાકોરની જુબાની |
| ૨. | ૦૯ | ફરીયાદી મહાવીરસિંહ રણજીતસિંહ દરબારની જુબાની |

**–: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૮ | પંચનામાની નકલ |
| ૨. | ૧૦ | ફરીયાદની નકલ |

(૪) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓ વિરૂધ્ધના પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫)આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.ની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૩.૦૮.૨૦૨૩ ના કલાક ૨૧:૩૦ વાગ્યે ઈસનપુર રામગલીના છાપરા આરોપીઓના ઘરમાં આરોપીઓ પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૨૭ લીટર કિંમત રૂ.૫૪૦/– નો રાખી વેચતા રેઈડ દરમ્યાન દારૂના જથ્થા સાથે પકડાઇ જઇ ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ – ૬૫(ઈ), ૮૧ નો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

**– :: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ ના કારણો :–**

(૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપીઓએ તા.૨૩.૦૮.૨૦૨૩ ના કલાક ૨૧:૩૦ વાગ્યે ઈસનપુર રામગલીના છાપરા આરોપીઓના ઘરમાં આરોપીઓ પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૨૭ લીટર કિંમત રૂા.૫૪૦/– નો રાખી વેચતા રેઈડ દરમ્યાન દારૂના જથ્થા સાથે પકડાઈ જઈ ગુનો કરેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી મહાવીરસિંહ રણજીતસિંહ દરબાર નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૦૯ થી નોંધવામાં આવેલ છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે તેમજ તેઓની ઉલટ તપાસ ધ્યાને જણાવેલ છે કે, બનાવ વાળી જગ્યાએ ઘણા બધા રહેણાંક મકાનો આવેલા છે તે નીલગીરીના છાપરા પાસે ચંડોળા તળાવ આવેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં, આ કામે પંચસાહેદ દીપકભાઈ મરૂજી ઠાકોર નાઓને આંક–૦૭ થી તપાસતા તેઓએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ પંચનામામાં જણાવેલ વિગતો તેઓના રૂબરૂ કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. આમ, પંચસાહેદની જુબાનીથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આ ઉપરાંત ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી પોલીસ સાહેદ છે. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ◀ આખરી હુકમ

૧. આથી, આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ– ૬૫(ઇ), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમતમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમયબાદ  નિયમ અનુસાર નાશ કરવો.

૩. આરોપીઓના જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૦, માહે.જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
પ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧)
Code–GJ00956

અમદાવાદ